જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦




**H A P P Y N E W Y E A R**

તા.૨૪/૧૦/૨૦૧૪ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫,૪૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૬/૧૪**

**માધવપુરાઃ** નિશાબહેન નરેન્દ્રસિહ સોલંકી (ઉ.વ.૧૬) (રહે.હરીભાઈનુ ડહેલુ ગુજરાત જીનીંગ મીલ સામે પ્રેમદરવાજા) ને ઘર નજીકમાં રહેતો આરોપી દીલીપ ઉર્ફે બટુંગ ગોવિંદભાઈ ઠાકોર તા.૨૩/૧૦/૧૪ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નિશાબહેનના પિતા નરેન્દ્રસિહ સોલંકી એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ કે જોગલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** દેવેન્દ્રકુમાર દેવરાજ જાદવ (રહે.જય અંબેનગર સોસાયટી મજમુદાર સોસાયટી સૈજપુર રેલવે સ્ટેશન સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ તા.૨૩/૧૦/૧૪ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવેન્દ્રકુમારના ઘરે રહેતી દેવેન્દ્રકુમારની પત્નીના મામાની પુત્રી કલ્પના (ઉ.વ.૧૪) ને તા.૧૮/૧૦/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે એ ભગોરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૭/૧૪**

**ઘાટલોડીયાઃ** કેયુરભાઇ દીલીપભાઇ શાહ (રહે. આકાશગંગા એપાર્ટમેન્ટ સોલા રોડ નારણપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૧૪ કલાક ૯/૧૫ થી તા.૨૩/૧૦/૧૪ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઘાટલોડીયા કે.કે નગર પાટીદાર ચોક અભિસ્વેત એપાર્ટમેન્ટમાં આવેલ પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી રૂપિયા ૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી મુંજવા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૮/૧૪**

**શાહપુરઃ** પ્રફુલકુમાર પારસભાઈ સોની (રહે. જય જીનેન્દ્ર સોસાયટી પોલીસ સ્ટેડીયમ સામે શાહીબાગ) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૧૪ સાંજના ૭/૦૦ થી ૭/૩૦ દરમ્યાન દીલ્લી દરવાજા અંદર હરીઓમ ગોલ્ડ પેલેસ નામની દુકાનમાંથી ૨૮ વર્ષના આશરાનો પુરૂષ પ્રફુલભાઈની નજર ચુકવી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ સોનરાત ચલાવે છે.

**ચેઈન સ્નેચીંગઃ-** **સમાચાર યાદી નં.૨૬૩૯/૧૪**

**વેજલપુરઃ** ઈલાબહેન દીલીપકુમાર દવે (રહે.ભાગ્યલક્ષ્મી એપાર્ટમેન્ટ જીવનદર્શન સોસાયટીની ગલીમાં વાસણા) તા.૨૩/૧૦/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સોસાયટીના નાકેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઈલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઈલાબહેન દવે એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે કે પંડયા ચલાવે છે.

**નરોડાઃ** ગૌરવભાઈ વિનોદચંદ્ર પરમાર (રહે.આસોડીયા સોસાયટી વિભાગ-૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૧૪ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પત્ની સાથે નેશનલ હાઈવે નંબર-૮ મધુર હોટલ પહેલા પેટ્રોલપંપ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર ૨૨૦ સીસી મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગૌરવભાઈની પત્નીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૫,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા. તેમજ જી ડી સ્કુલ રોડ પાસેથી સાહેદ ભુરીબહેન દિનેશચંદ્ર પંડ્યા નાઓનો સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- નુ ચેઈન સ્નેચીંગ થયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.